હોળી પર કરી શકાય એવા ટુચકાઓ

હોળીની રાખને ઘરમાં ના રાખવી જોઈએ... બાકી બચેલી રાખને ભેગી કરીને ઘરની બહાર જ્યાં હોળી પ્રગટી હોય ત્યાં જગ્યાએ પાછી નાખી દેવી જોઈએ

જડીબુટ્ટી

નજુમી

ધન - રૂપિયાના નુકસાનથી બચવા માટે

જો તમોને વારંવાર નાણાંની નુકસાનીનો સામનો કરવો પડતો હોય તો બેમુખી દીવો પ્રગટાવીને મુખ્ય દ્વાર પર ગુલાલ છાંટીને રાખવો જોઈએ. જ્યારે તે પ્રગટેલો બંધ થઇ જાય ત્યારે તેને હોળીના અગ્નિમાં અર્પણ કરવો જોઈએ. દીવો પ્રગટાવતા સમયે મનમાં ને મનમાં એ મનોકામના કરવી જોઈએ કે, તમોને ભવિષ્યમાં પણ ધનના નુકસાનનો સામનો ના કરવો પડે.

ડૂબેલા ફસાયેલા ધનની પ્રાપ્તિ કરવા માટે

જો તમારું ધન ડૂબી રહ્યું હોય એટલે કે કોઇને આપેલા પૈસા પાછા ના મળતા હોય તો ચાર રસ્તા ઉપર હોળીની નજીક જઇને જમીન પર દાડમની લાકડીથી તે પર વ્યક્તિનું નામ લખ્યા બાદ તે સ્થાન ઉપર તે વ્યક્તિનું નામ સ્પષ્ટ ના દેખાય તે રીતે ગુલાલ છાંટવું જોઈએ.

રાજ્ય કાર્યમાં સફળતા માટે

જ્યાં હોળી પ્રગટાવવામાં આવે છે ત્યાં જઇને હોળી પ્રગટયા પહેલાં હોળીની 7 ઉલટી પરિક્રમા કરતાં કરતાં એક પરિક્રમા પૂરી થાય ત્યારે આકડાનો એક ટુડકો હોળીમાં ફેંકી દેવો. આ પ્રકારે દરેક પરિક્રમામાં એક એક આકડાના ટુકડો હોળીમાં ફેંકી દેવો. ધ્યાન રાખવું કે બધાં આકડાના ટુકડા હોળીની અંદર જ પડવા જોઈએ.

હોળીની રાખના ચમત્કારિક પ્રયોગ

હોળીની રાત્રે હોળી પ્રગટે તેમાં સળગતું લાકડું ઘર પર લાવવાથી નવગ્રહની લાકડાથી તેમ જ ગાયના છાણથી હોળી પ્રજ્જવલિત થાય છે. તેમાં ઘરમાં દરેક સભ્યને દેશી ઘીમાં પલાળીને બે લવિંગ એક પતાસા અને પાનનું પાંદડું ચઢાવવું તથા બધાને તેના ઉપર હોળીની 11 પરિક્રમા કરીને સૂકા નાળિયેરને હોળીના અગ્નિમાં શેકીને ખાવું જોઈએ. પરિક્રમા કરતાં સમયે જવના દાણા તેમાં નાખવા જોઈએ. આ પ્રકારે ઘરમાં હોળી પ્રગટવાની સાથે રાખ પ્રાપ્ત થાય છે. તેનો અદ્દભૂત પ્રભાવ હોય છે.

હોળીની રાખને શરીર પર લગાડી સ્નાન કરીને નવગ્રહથી થતા રોગની પીડા શાંત થાય છે. કોઈ તાંત્રિક કર્મના કારણે આરોગ્ય ખરાબ થઈ ગયું હોય તો તેમાંથી મુક્તિ મળે છે.

જન્મકુંડળીમાં અનેક ગ્રહ દૂષિત હોય તો હોળીની રાખને વહેતા જળમાં પ્રવાહિત કરવાથી ગ્રહ શાંતિ હોય છે. રાખ વહાવવા માટે સર્વાર્થ સિદ્ધ યોગ હોવાનું શુભ હોય છે. જે વ્યક્તિઓને શીઘ્ર નજર લાગતી હોય તેમણે હોળીની રાખને તાંબાના તાવીજમાં ભરીને કાળા દોરામાં પરોવીને ગળામાં ધારણ કરવું જોઈએ.

ધ્યાન એ રાખવું કે રાખને ઘરમાં રાખવી જોઈએ નહીં, બાકી બચેલી રાખને ભેગી કરીને બહાર જ્યાં હોળી પ્રગટી ત્યાં રાખ રાખી દેવી જોઈએ. જો શનિ ગ્રહ તમોને પીડાતા હોય તો લોખંડની વીંટી બનાવીને હોળીની બે પરિક્રમા કરીને તેમાં નાખી દો. હોળીના બીજા દિવસે જ્યારે અગ્નિ શાંત થઇ જાય ત્યારે તેની રાખમાંથી વીંટી કાઢીને ઘરે લઇ આવવું. વીંટીને સ્વચ્છ પાણીથી તેમ જ કાચા દૂધથી ધોઈને શનિવારના દિવસે સાંજે જમણા હાથની મધ્યમા આંગળીમાં ધારણ કરવી.

દુર્ઘટનાઓથી બચવા માટે

હોળીની રાત્રે હોળી પ્રગટતાં પહેલાં હાથમાં પાંચ કાળી ચણોઠી લઇને હોળીની પાંચ પરિક્રમા કરીને અંતમાં હોળીની પીઠ કરીને પાંચ ચણોઠીને માથા પર ઉતારીને પાંચ વાર ફેરવીને હાથોને માથા ઉપર ઉઠાવીને હોળીમાં ફેંકી દેવું જોઈએ.આ પ્રકારે પ્રયોગ કરવાથી દુર્ઘટનાઓથી રક્ષણ થાય છે.



હોળીની રાત, તંત્ર સાધનાની વાત

યંત્ર-મંત્ર-તંત્ર

યજ્ઞેશ ત્રિવેદી

ફાગણ મહિનાની પૂનમ-હોળીએ સાધક લોકો તંત્રની અનેક સાધના કરે છે, જેમાં કેટલીક સિદ્ધિઓ સમાજના કલ્યાણ તેમ જ આત્મરક્ષણ માટે વિશિષ્ટ હોય છે!

તંત્ર-મંત્રાદિની સાધના- સિદ્ધિ, પુરશ્ચરણ તેમ જ ચાર્જિંગ(પુનઃ સક્રિય કરવું) ની ચાર મુખ્ય રાત્રિઓ તંત્ર-ગ્રંથોમાં ઉલ્લેખિત કરવામાં આવી હતી. આ છેઃ ક્રમશઃ શ્રીકૃષ્ણ જન્માષ્ટમી (મોહ-રાત્રિ), દીવાળી (કાલ રાત્રિ) શિવ રાત્રિ (મહા રાત્રિ) તેમ જ હોળીનું પ્રગટવું (મહા પૂનમ રાત્રિ). પ્રથમ ત્રણ રાત્રિઓ કૃષ્ણ પક્ષમાં તથા હોળીની રાત્રિ મહા પૂનમે જ હોય છે. શાસ્ત્ર અનુસાર આ દિવસે 'સૂર્ય દેવ'નો જન્મ પણ થયો છે.

ફાગણ મહિનાની પૂનમ(હોળી)એ સાધક લોકો તંત્રની અનેકો સાધનાઓ કરે છે, જેમાં થોડીક સિદ્ધિઓ સમાજના કલ્યાણ તેમ જ આત્મરક્ષણ માટે વિશિષ્ટ હોય છે.

અહીં કેટલીક સરળ ક્રિયાઓનો ઉલ્લેખ છે, જે અનેક વિદ્વાનો તેમ જ સિદ્ધ-મહાત્માઓ દ્વારા ઉદ્ઘોષિત ક્રિયા છે.

પ્રયોગ નં. 1

સ્ટફિક શ્રીયંત્રને હોળીના એક દિવસ પહેલાં ચૌદશની રાત્રિમાં 'ગુલાબજળ'માં રાખીને 'ફ્રીઝર'માં રાખી દો. સવારે જમાયેલું 'શ્રીયંત્ર'ને ફ્રીઝરથી કાઢીને નહાવાના પાણીથી વાસણમાં ડુબોડીને જામેલા બરફને ઓગળવા દો.પછી બહાર કાઢી લેવું.

સ્નાન કર્યા બાદ 'શ્રીયંત્ર'નું પૂજન કરવું. પછી 'શ્રીસૂક્ત'ની દરેક ઋચાનો આરંભ અને અંતમાં આ મંત્રનો 'ૐ હ્રીં ક્રૌં એં શ્રીં કલીં બ્લૂં સૌં રં વં શ્રીં'ને અત્તરથી બનાવેલું નાગ-કેશર 'શ્રીયંત્ર' પર સતત ચઢાવવું. ત્યાર બાદ રાતમાં 'શ્રીયંત્ર'ની સામે ઉપરોકત મંત્રની 1008 આહુતિઓ... મધ, ઘી, દૂધમાં ભેળવીને પ્રગટેલી હોળીમાં અર્પણ કરવું. અંતમાં શ્રીયંત્ર તથા નાગ-કેશર લાલ કપડાંમાં બાંધીને તમારી તિજોરીમાં રાખી દો. સંપૂર્ણ વર્ષભર ધન-ધાન્યથી પરિપૂર્ણ રહેશે, તેમાં શંકા નથી.

પ્રયોગ નં. 2

હોળી પૂનમની રાત્રિએ સ્થિર લગ્નમાં મા કાલીની પંચોપચાર પૂજા કરી નીચેના મંત્રથી 1008 આહુતિઓ, હવન સામગ્રીનાં... કાળા મરી, પીળી સરસવ, ભૂત કેશી મેળવીને અગ્નિમાં આપવી. દરેક 108 આહુતિઓ પછી પાનનાં પાંદડા પર સફેદ માખણ, મિશ્રી, 2 લવિંગ, 3 જાયફળ, 1 લીંબુ, 1 નારિયેળ (ગોળો), અત્તર લાગેલું રૂ, કપૂર રાખીને મા કાલીનું ધ્યાન કરીને અગ્નિમાં અર્પણ કરી દેવું. આ પ્રયોગ બધા નજરદોષ, તંત્ર તેમ જ રોગ નડતરને દૂર કરી દે છેઃ મંત્રઃ ૐ એં કલીં ચામુંડાયૈ વિચ્ચૈ, ૐ ગ્લૌં હું કલીં જૂં સઃ જવાલય જવાલય જવલ જવલ પ્રજ્વલ પ્રજ્વલ એં હ્રીં કલીં ચામુંડાયૈ વિચ્ચૈ જ્વલ હં સં લં ક્ષં ફટ્ સ્વાહા.

પ્રયોગ નં.3

હોળી પૂનમના દિવસે સવારે સૂર્યોદય પહેલાં પીપળા પર હળદરમિશ્રિત ગુલાબજળ ચઢાવવું. દેશી ઘીનો દીવો અને ધૂપ પ્રગટાવવો, 5 પ્રકારની મીઠાઈઓ 5 પ્રકારનાં ફળ, 21 દ્રાક્ષનો ભોગ ધરાવવો તથા નાડાછડીથી 7 પરિક્રમા કરતાં કરતાં પીપળાનું બંધન કરવું અને નીચેનો મંત્ર બોલવો. જપ કરવો. તેનાથી ઘરમાં ધનસમૃદ્ધિ આવે છે. મંત્રઃ ૐ હ્રીં શ્રીં શ્રીં શ્રીં શ્રીં શ્રીં શ્રીં શ્રીં શ્રીં લક્ષ્મી મમ ગૃહે ધન પૂરય ચિંતા દૂરય દૂરય સ્વાહા.

પ્રયોગ નં. 4

હોળીની રાત્રે આખા અડદ અને આખા ચોખા લઇને એક સાથે ઉકાળીને પતરાળા પર રાખી દો. 5 પ્રકારની મીઠાઈ અને સરસવના તેલનો દીવામાં 1-1 રૂપિયાના 5 સિક્કા મૂકીને, દીવો પ્રગટાવીને બધા સામાનને નિર્જન સ્થાને મૂકી આવવો. પાછા ફરીને જોવું નહીં. તેનાથી ધનનું આગમન થાય છે.

મંત્ર : ૐ હ્રીં બટુકાય આપદ્ઉદ્ધારણાય કુરુ કુરુ બટુકાય હ્રીં.

પ્રયોગ નં. 5

હોળીની રાત્રિને સ્થિર લગ્નમાં પીપળાનાં પાંચ અખંડિત પાંદડાં લઇને પતરાળામાં રાખવું. દરેક પાંદડાં પર પનીરનો એક ટુકડો તથા એક રસગુલ્લા (સફેદ) રાખવા. લોટનો દીવો બનાવીને તેમાં સરસવનું તેલ ભરીને પ્રગટાવવો. માટીની નાની કુલડીઓમાં પાણી, દૂધ, મધ અને સાકર ભેળવીને ભક્તિપૂર્વક બધો સામાન પીપળામાં ચઢાવીને હાથ જોડીને શ્રદ્ધાથી આર્થિક સંકટ દૂર કરવાની પ્રાર્થના કરવી. પાછા ફરતાં વળીને જોવું નહીં. આ પ્રયોગ હોળીમાં મંગળવાર તથા શનિવારે ફરીથી કરવું.પરંતુ ફરીથી પીપળાનાં પાંદડાનો પ્રયોગ ના કરવો. ત્રણેય વખત ઘરે આવીને 'લાલ ચંદનની માળા' પર નીચેના મંત્રની 3 માળા જપવી.

મંત્રઃ ૐ એં હ્રીં કલીં સર્વબાધા વિનિર્મુકતો ધનધાન્ય સુતાન્વિતઃ

મનુષ્યોમત્પ્રસાદેન ભવિષ્યતિ ન સંશયઃ કલીં હ્રીં એં ૐ.

હોળીની રાતના ટુચકાઓ હોળીમાં ઘણા બધા ટુચકા અજમાવવામાં આવ્યા છે. અહીં અમે ખાસ ટુચકા આપીએ છીએ. જે તમને કામમાં આવશે. હોળીના દિવસે ઉતારા કરેલું ટુચકો અને શરીરનો મેલને હોળીમાં સળગાવવાથી નકારાત્મક શક્તિઓ દૂર થાય છે.

ઘર, દુકાન અને ધંધો, કામ ઉપર વગેરે નજર ઉતારીને તેને હોળીમાં પધરાવવાથી લાભ થાય છે.

ભય અને દેવાથી છુટકારો મેળવવા માટે 'નરસિંહ સ્તોત્ર'નો પાઠ કરવો લાભદાયક રહે છે.

હોળી પ્રગટયા પછી પ્રગટેલી હોળીમાં નાળિયેર અર્પણ કરવાથી નોકરીનું નડતર દૂર થાય છે.

સતત બીમારીથી પરેશાન હો તો હોળીની બચેલી રાખ દર્દીને સૂવાના સ્થાન ઉપર છાંટવાથી લાભ મળે છે. સફળતા મેળવવા માટે હોળીમાં નાળિયેર, પાન તથા સોપારી ભેટ કરો.

ગૃહકલેશથી છુટકારો મેળવવા માટે અને સુખ-શાંતિ માટે હોળીના અગ્નિમાં જવનો લોટ ચઢાવવો.

હોળીના બીજા દિવસે રાખ લઇને તેને લાલ રૂમાલમાં બાંધીને પૈસાના સ્થાન પર રાખવાથી ખોટા ખર્ચ રોકાઈ જાય છે.

દામ્પત્યજીવનમાં શાંતિ માટે હોળીની રાત ઉત્તર દિશામાં એક બાજોઠ પર સફેદ કપડું પાથરીને તેના પર મગ, ચણાની દાળ, ચોખા, ઘઉં, મસૂર, કાળા અડદ, તેમ જ તલના ઢગલા પર 'નવગ્રહ યંત્ર' સ્થાપિત કરવું. ત્યાર બાદ કેસરનું તિલક કરી ઘીનો દીવો પ્રગટાવી પૂજન કરવું.

જલદી લગ્ન માટે હોળીના દિવસે સવારે એક પાનના પાંદડા પર આખી સોપારી અને હળદરની ગાંઠ લઇને શિવલિંગ ઉપર ચઢાવી દો. પછી પાછળ જોયા વગર ઘર આવી જવું. બીજા દિવસે પણ આ પ્રયોગ કરવો.

ખરાબ નજરથી બચવા માટે ગાયનાં છાણમાં જવ, અડસી, અને કુશ ભેળવી નાનું છાણિયું બનાવી દો. તેને ઘરના મુખ્ય દરવાજા ઉપર લટકાવી દો.

હોળીની રાત તગર, કાક જંઘા, કેસરને 'કલીં' કામદેવાય ફટ સ્વાહા' મંત્રથી અભિમંત્રિત કરીને હોળીના દિવસે અથવા બીજે દિવસે તેને અબીલ કે ગુલાલમાં ભેળવીને કોઈના માથા ઉપર નાખવાથી વશમાં થઇ જાય છે.

હોળીની રાત 'ૐ નમો ધનદાય સ્વાહા' મંત્રથી જાપ કરવાથી ધનમાં વૃદ્ધિ થાય છે.

21 ગોમતી ચક્ર લઇને હોળીની રાત્રે શિવલિંગ પર ચઢાવવાથી વેપારમાં લાભ થાય.

ઉધાર, ફસાયેલી, રોકાયેલી રકમ પાછી મેળવવા માટે હોળીના સ્થાન પર દાડમની લાકડીથી તેનું નામ લખીને હોળી માતાને પોતાનું ધન પાછું આવે તેવું નિવેદન કરતાં કરતાં તેના નામ પર ગુલાલ છાંટવાથી લાભ મળશે.

હોળીની રાત્રે કોઇ પીપળાના વૃક્ષ નીચે ઘીનો દીવો પ્રગટાવાથી અને 7 પરિક્રમા કરવાથી બધાં વિઘ્નો અવરોધો દૂર થાય છે. ગોમતી ચક્ર, કોડીઓ અને પતાશાને પોતાના ઉપર ઉતારીને સળગતી હોળીના અગ્નિમાં નાંખવાથી પણ જીવનની બધી જ બાધાઓ, વિઘ્નો અવરોધો સ્વાહા થઇ જાય છે!

હોળીની તારીખ લઈને કંફ્યૂજન એટલા માટે છે કે પૂનમ તિથિ 24 અને 25 બંને દિવસે છે!

કાળચક્ર

યજ્ઞાનંદ

હોળી પ્રગટાવવા 2024નો ભદ્રાનો સમય

24 માર્ચે હોળીના દિવસે ભદ્રા થાય છે. તે દિવસે ભદ્રાનો પ્રારંભ સવારે 9 વાગ્યા ને 24 મિનિટથી થઈ રહ્યો છે, જે રાત્રે 11 વાગ્યા ને 13 મિનિટ સુધી છે. તે દિવસે ભદ્રાની પૂંછડી સાંજે 06:33 વાગ્યાથી સાંજે 07:53 સુધી છે. જ્યારે ભદ્રાનું મુખ સાંજે 7:53 વાગ્યાથી રાત્રે 10:06 વાગ્યા સુધી છે.

હોળીના દિવસે ભદ્રાનો વાસ પૃથ્વી લોક પર સવારે 09:54 વાગ્યાથી બપોરે 02:20 વાગ્યા સુધી છે. એ જ પ્રમાણે ભદ્રાનો વાસ પાતાળલોકમાં બપોરે 0:20 વાગ્યાથી રાત્રે 11:13 વાગ્યા સુધી છે. 'ભદ્રા'ના સમયમાં હોળી પ્રગટાવાતી નથી.

દેશમાં સૌથી પહેલાં હોળીનું પર્વ ઉજ્જૈનના મહાકાલમાં ઉજવવામાં આવે છે. આ વર્ષે હોળી પર 'ચંદ્રગ્રહણ' પણ રહેશે.

હોળીનું પર્વ ફાગણ મહિનાની પૂનમ તિથિએ ઉજવવામાં આવે છે. હોળીની તારીખ લઈને કંફ્યૂજન એટલા માટે થયેલું છે કે પૂનમ તિથિ 24 અને 25 બંને દિવસ છે. જ્યારે ધૂળેટી એકમ તિથિમાં થાય છે. હોળીની તિથિને લઈને શાસ્ત્રોમાં મત છે કે, હોળી પ્રગટાવવાનું ફાગણ પૂનમે કરવામાં આવે છે અને બીજે દિવસે ધૂળેટી ઉજવાય છે. આ વખતે 24 માર્ચે સવારે 09 વાગ્યા ને 56 મિનિટ પર પૂનમ તિથિ આરંભ થાય છે. પૂનમ સમાપ્ત બીજે દિવસે એટલે કે 25 માર્ચે 'પ્રદોષ કાળ' પહેલાં જ થાય છે. એવામાં શાસ્ત્રોનું વિધાન છે કે, બંને દિવસે જો પ્રદોષ કાળમાં પૂનમ તિથિ લાગી હોય તો તે દિવસે ભદ્રા વગરના કાળમાં હોળી પ્રગટાવવામાં આવે છે. આ નિયમ અનુસાર આ વર્ષે 24 માર્ચે રવિવારે હોળી પ્રગટાવવાની અને 25 માર્ચે ધૂળેટી ઉજવાશે.

હોળીના દિવસે આ વખતે રાત 10:28 સુધી 'ભદ્રા યોગ' રહે છે. ભદ્રામાં હોળી ના પ્રગટાવવી જોઈએ. એટલા માટે ભદ્રા સમાપ્તિ પછી હોળી રાત્રે 10:28 પછી પ્રગટાવવી જોઈએ. એટલે આ વખતે હોળીનું શુભ મુહૂર્ત મોડી રાત 11 વાગ્યા ને 13 મિનિટથી લઈને 12:27 મિનિટ સુધી છે. આવામાં હોળી પ્રગટાવવા માટે તમોને 1 કલાક 14 મિનિટનો સમય મળશે.

પંચાંગ અનુસાર આ વખતે ફાગણ પૂનમ તિથિની શરૂઆત 24 માર્ચે સવારે 9:45 થી થાય છે અને બીજે દિવસે 25 માર્ચે બપોરે 12:29 પૂનમ તિથિ સમાપ્ત થાય છે.

સનાતન ધર્મમાં ઉદય તિથિનું વધારે મહત્ત્વ છે. એવામાં હોળી 25 માર્ચે ઉજવવી જોઈએ. પરંતુ શુભ મુહૂર્ત 24 માર્ચે રાત્રે 11:13 વાગ્યે શરૂ થઈને 12:27 સુધી છે, તેથી આ ગાળામાં હોળી પ્રગટાવી શકાય છે!

ઘણાં લોકો આ પહેલાંના સાંજના શુભ મુહૂર્તમાં હોળી પ્રગટાવવાનું ચાલુ કરી દેશે તે પણ શુભ છે.

24 માર્ચ 2024ના રોજ સાંજે 7:19 થી રાત્રે 9:38 વાગ્યા સુધી શુભ સમય છે.

હોળીના ધૂમાડાથી ભવિષ્યકથન

જો હોળીની પૂર્વ તરફ હવા ચાલી તો રાજા તેમ જ પ્રજા એટલે કે આખા રાજ્યમાં સુખ હશે.

દક્ષિણની હવા ચાલી તો રાજ્યની સત્તા ભંગ અને દુર્ભિક્ષ. પશ્ચિમની હવા ચાલી તો તૃણ સંપત્તિ વધશે. ઉત્તરની હવા ચાલે તો ધાન્યની વૃદ્ધિ થાય.

પરંતુ હોળીનો ધુમાડો આકાશ તરફ સીધો જાય તો રાજાના ગઢ તૂટશે.. એટલે કે રાજ્યના મોટા નેતાઓની ખુરશી

પોતાની રાશિ અનુસાર લાકડી અર્પણ કરો

પુરાણોમાં હોળીને સિદ્ધ રાત્રિ માનવામાં આવી છે. આ દિવસે કરવામાં આવેલા પ્રયોગ ચોક્કસ મનોકામના મુજબ ફળ આપે છે.

દુષ્ટ શક્તિઓ અને પ્રવૃત્તિઓના પ્રભાવથી બચવા માટે હોળીનું પર્વ સૌથી સારો અવસર માનવામાં આવ્યો છે.

પોતાની રાશિ અનુસાર નિર્ધારિત લાકડીનો એક ટુકડો હોળીમાં અવશ્ય અર્પણ કરવો. આ કાર્ય હોળીના 7 ફેરા ફરતા કરવો.

રાશિ અને લાકડીની જાત આ પ્રકારે છેઃ

રાશિ	લાકડી
મેષ અને વૃશ્ચિક	ખેર અથવા ખદિર
વૃષભ અને તુલા	ગૂલર
મિથુન અને કન્યા	ઉપામાર્તા
ધન અને મીન	પીપળો
મકર અને કુંભ	શમી
કર્ક	પલાશ
સિંહ	મદાર

ઉપરોક્ત સામગ્રી-લાકડીમાં ના ખબર પડે તો પૂજાની મોટી દુકાને નવગ્રહ લાકડીનું પેકેટ મળે છે તે લઈ આવવું અને તેના ઉપર ક્યું લાકડું છે તે છાપેલું બતાવ્યું હોય છે તે લઈને પણ હોળીના અગ્નિમાં અર્પણ કરીને સુખી થવું. ઘરના કોઈ ને કોઈ રાશિવાળા હોય છે. બધાને ઉપયોગી લાકડું એક પેકેટમાં પણ મળી રહેશે.

આમલકી એકાદશીના પ્રભાવથી શિકારીનો એક રાજાને ત્યાં જન્મ થયો!

પર્વ વિશેષ

વાય.જે.ટી.

વનમાં રાજાને એકલા જોઈને ડાકુઓ મારો-મારો કહીને તૂટી પડયા... એટલું જ નહીં, બીજા ડાકુઓને પણ કહેવા લાગ્યા કે... આ દુષ્ટ રાજાએ અમારાં માતાપિતા, પુત્ર, પૌત્ર વગેરે સંબંધીઓને માર્યા છે. તેનો દેશનિકાલ કર્યો છે. તેથી રાજાને હવે અવશ્ય મારવો જોઈએ.

તા. 20 માર્ચ 2024, બુધવાર, ફાગણ સુદ અગિયારસ છે.આ અગિયારસને આમલકી એકાદશી કહે છે. માંધાતાજી બોલ્યાઃ 'હે વશિષ્ઠજી! જો તમે મારા પર પ્રસન્ન છો, તો એવા વ્રતની કથા કહો. જેનાથી મારું કલ્યાણ થાય.'

મહર્ષિ વશિષ્ઠજી બોલ્યા 'હે રાજન! બધાં વ્રતોમાં ઉત્તમ અને અંતમાં મોક્ષ દેનાર 'આમલકી એકાદશી'નું વર્ણન કરું છું...

આ ફાગણ માસના સુદ (શુકલ) પક્ષમાં થાય છે. આ વ્રતના ફળથી સમસ્ત પાપ નષ્ટ થાય છે. આ વ્રતનું પુણ્ય એક હજાર ગોદાનના ફળ બરાબર છે. આ અંગે હું તમને એક પૌરાણિક કથા કહું છું, તે ધ્યાનપૂર્વક સાંભળો.

વૈદિક નામનું એક નગર હતું. એ નગરમાં બ્રાહ્મણ, વૈશ્ય, ક્ષત્રિય, શુદ્ર - ચારેય વર્ણ આનંદપૂર્વક રહેતા હતા. નગરમાં વેદધ્વનિ ગૂંજતો હતો. એ જગ્યાએ પાપી, દુરાચારી, નાસ્તિક કોઇ ન હતું. એ નગરમાં 'ચૈત્રરથ' નામનો ચંદ્રવંશી રાજા રાજ્ય કરતા હતા. એ રાજ્યમાં કોઇ પણ દરિદ્ર તથા કંજૂસ ન હતા. બધા વિષ્ણુભકત હતા. ત્યાંના બધા નિવાસી વૃદ્ધથી બાળક સુધીના દરેક એકાદશીનું વ્રત કરતા હતા.

એક સમયે ફાગણ માસના શુકલ પક્ષ આમલા નામની એકાદશી આવી. એ દિવસે રાજાથી લઇને પ્રજા સુધી વૃદ્ધથી બાળક સુધી બધાંએ હર્ષ સહિત એ એકાદશીનું વ્રત કર્યું. રાજા પોતાની પ્રજા સાથે મંદિરમાં આવીને કુંભસ્થાપન કરીને ધૂપ, નૈવેદ્ય, પંચરત્ન, ક્ષત્ર વગેરેથી ધાત્રીનું પૂજન કરવા લાગ્યા. તેઓ બધાં ધાત્રીની આ પ્રકાર સ્તુતિ કરવા લાગ્યા.

'હે ધાત્રી! તમે બ્રહ્મસ્વરૂપ છો. તમે

બ્રહ્માજી દ્વારા ઉત્પન્ન છો. સમસ્ત પાપોને નષ્ટ કરનાર છો. તમને નમસ્કાર છે. હવે તમે મારા અર્ઘ્યનો સ્વીકાર કરો. તમે શ્રી રામચંદ્રજીના દ્વારા સન્માનિત છો. હું તમને પ્રાર્થના કરું છું... મારાં સમસ્ત પાપોનું હરણ કરો.'

એ દેવાલયમાં રાત્રિએ બધાંએ જાગરણ કર્યું. રાત્રીના એ સમયે એક શિકારી ત્યાં આવ્યો. તે મહાપાપી તથા દુરાચારી હતો. પોતાના કુટુંબનું ભરણપોષણ તે જીવહિંસાથી કરતો હતો. તે ભૂખ-તરસથી અત્યંત વ્યાકુળ હતો. થોડું ભોજન મળવાની ઇચ્છાથી મંદિરના એક ખૂણામાં બેસી ગયો. તે જગ્યાએ બેસીને તે વિષ્ણુ ભગવાનની કથા એકાદશી માહાત્મ્ય સાંભળવા લાગ્યો.

આ રીતે શિકારીએ આખી રાત અન્ય લોકોની સાથે જાગરણ કરી વિતાવી. સવાર થતાં જ બધાં પોતપોતાનાં ઘરે ગયાં. થોડો સમય વીતતાં શિકારીનું મૃત્યુ થયું. તેનો આમલકી એકાદશીના વ્રત અને જાગરણના પ્રભાવથી એક રાજાને ત્યાં જન્મ થયો. તેનું નામ બસુરથ રાખ્યું. મોટો થયો ત્યારે તે ચતુરંગિણી સેના સહિત ધનધાન્યથી યુકત થઇને એક સહસ્ર ગ્રામોનું પાલન કરવા લાગ્યો. તે તેજમાં સૂર્ય સમાન, કાંતિમાં ચંદ્ર સમાન, વીણામાં વિષ્ણુ ભગવાનના સમાન અને ક્ષમામાં પૃથ્વીના સમાન હતો. તે અત્યંત ધાર્મિક, સત્યવાદી, કર્મવીર અને વિષ્ણુભકત હતો. તે પ્રજાનું સમાન ભાવથી પાલન કરતો હતો. તે સદૈવ યજ્ઞ કરતો હતો. દાન આપવું તેનું નિત્ય કર્તવ્ય હતું.

એક દિવસ રાજા શિકાર કરવા વનમાં ગયા. તે વનમાં રસ્તો ભૂલી ગયો અને દિશાજ્ઞાન ન હોવાથી વનમાં વૃક્ષ નીચે સૂઇ ગયો. એ સમયે ડાકુ ત્યાં આવ્યા અને રાજાને એકલા જોઈને 'મારો મારો' કહીને તૂટી પડયા. તે ડાકુઓ કહેવા લાગ્યા કે 'આ દુષ્ટ રાજાએ અમારાં માતા-પિતા, પુત્ર, પૌત્ર વગેરે સંબંધીઓને માર્યા છે તથા દેશનિકાલ કર્યા છે, તેથી આને હવે અવશ્ય મારવો જોઈએ.'

આવું કહીને તે ડાકુ રાજાને મારવા લાગ્યા અને તેના પર અસ્ત્ર-શસ્ત્રનો પ્રહાર કરવા લાગ્યા. તે અસ્ત્ર-શસ્ત્ર રાજાના શરીર પર પડતાં જ નષ્ટ થઇ જતાં! રાજાને તે પુષ્પો જેમ લાગતું. જયારે તે ડાકુઓનાં અસ્ત્ર-શસ્ત્ર દ્વારા તેમના પર પ્રહાર કરવા લાગ્યા, જેનાથી તેઓ મૂર્છિત થઇ ગયા!

એ સમયે રાજાના શરીરમાંથી એક દિવ્ય દેવી પ્રગટ થઇ. તે દેવી અત્યંત સુંદર વસ્ત્રો તથા આભૂષણોથી અલંકૃત હતી. તેની ભ્રમરો ત્રાંસી હતી. આંખમાંથી લાલ લાલ અગ્નિ નીકળતો હતો. તે સમયે તે કાળના જેવી જ લાગતી હતી. તે એ ડાકુઓને મારવા દોડી અને બધા ડાકુઓને મારી નાખ્યા.

જયારે રાજા જાગ્યા ત્યારે એ ડાકુઓને મરેલા જોઈને વિચારવા લાગ્યો, કે, આ શત્રુઓને કોણે માર્યા? આ વનમાં મારું કોણ હિતેષી છે? જયારે રાજા આવો વિચાર કરતો હતો ત્યારે આકાશવાણી થઇ. 'હે રાજન! આ સંસારમાં વિષ્ણુ ભગવાન સિવાય તારું કોણ રક્ષણ કરી શકે છે?'

રાજા પોતાના નગરમાં પાછો ફર્યો અને સુખપૂર્વક રાજ્ય કરવા લાગ્યો.

મહર્ષિ વશિષ્ઠજી બોલ્યાઃ હે રાજન! આ બધો 'આમલકી એકાદશી'ના વ્રતનો પ્રભાવ હતો.